સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો
તથા આર્થિક રીતે પછાતવર્ગો માટે ગૃહ
નિર્માણ યોજના.

---

ગુજરાત સરકાર,
મજુર, સમાજ કલ્યાણ અને
આદિજાતિ વિકાસ વિભાગ.
ઠરાવ ક્રમાંક : બકર-૧૫૭૮-૨૦૭૩૦:૭૯:-હ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૨૧ -૩-૭૯.

વંચાણમાં લીધો :- મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧-૧૨-૭૮નો ઠરાવ ક્રમાંક: બકર-૧૫૭૮-૬૭૭૫૦-હ.

ઠ રા વ :-

મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ ના તા. ૧-૧૨-૭૮ ના ઠરાવ ક્રમાંક : બકર-૧૫૭૮-૬૭૭૫૦-હ, અન્વયે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગો માટેની ગૃહ નિર્માણ યોજના મંજુર કરવામાં આવેલ છે અને તેના માટે રૂા. ૧૩,૪૦,૦૦૦ /- ના ખર્ચની મંજુરી આપવામાં આવેલ છે.

૨. આ અંગેનો ખર્ચ કરવામાં વિલંબ ન થાય અને યોજનાનો સરળતાથી અમલ થઈ શકે તેટલા માટે, યોગ્ય વિચારણાના અંતે, આ યોજના માટે મંજુર કરવામાં આવેલી રૂા. ૧૩,૪૦,૦૦૦/- ની રકમ આથી ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગરને હવાલે મુકવામાં આવે છે. સમાજ કલ્યાણ નિયામકશ્રી ગુજરાત રાજય અમદાવાદે ઉપરોકત રકમ ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગરના હસ્તક મુકવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવી.

૩. આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણાકીય સલાહકારશ્રીની તા. ૧૮-૩-૭૯ ની સંમતિથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને
તેમના નામે,

સુ.ભૂ.બક્ષી
સેકશન અધિકારી,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ
વિકાસ વિભાગ.

પ્રતિ,
સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
( વધારાની પાંચ નકલો સાથે.)
સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, પાટનગર
યોજના ભવન, સેકટર -૧૬ ગાંધીનગર. (વધારાની પાંચ
નકલ સાથે)
સચિવશ્રી, ગુજરાત પછાત વર્ગ બોર્ડ, ગુજરાત રાજ્ય,
સેકટર-૧૬ પાટનગર યોજના ભવન, ગાંધીનગર. (વધારાની પાંચ
નકલ સાથે)
પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ ખ-આ-૨ શાખા.
મહાલેખાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.
X વિભાગીય નિયામકશ્રી, પછાતવર્ગ કલ્યાણ ૮ મીલ
અધિકારીઓની કોલોની , આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
બધા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ / રાજય અને પંચાયત /
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
પ્રાયોજના વહીવટદાર / આદિવાસી વિસ્તાર પેટા યોજના /
ના તાબા હેઠળ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ.
નાણા શાખા મ.સ.ક. અને આ.વિ.વિ.
બ શાખા. મ.સ.ક. અને આ.વિ.વિ.
બ શાખા મ.સ.ક. અને આ.વિ.વિ.
વિશિષ્ટ ફાઈલ ક શાખા.

---------------

X પત્ર દ્વારા.